# ડોલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડો : પ્રણવ મુખર્જી

નવી દિલ્હી,તા.૨૦

નાણાપ્રધાન પ્રણવ મુખર્જીએ આજે કહ્યુ હતુ કે ડોલર સામે રૂપિયામા તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે જે ચિંતાનો વિષય છે. કેન્દ્ર સરકાર આ સ્થિતિમાંથી બહાર નીકળવા તમામ પ્રયાસ કરી રહી છે. પ્રણવે કહ્યુ હતુ કે ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનને રોકવા માટે તમામ સંભવિત પગલા લેવામા આવી રહ્યા છે. પ્રણવે કહ્યુ હતુ કે રૂપિયા ઉપર દબાણ માટે ઘણા કારણો જવાબદરા છે. યુરોપિયન દેશોમાં નાણાકીય કટોકટી પ્રવર્તી રહી છે. કેટલાક દેશોની સરકારોની મુશ્કેલ રૂપ આર્થિક સ્થિતિના કારણે આ સમસ્યા સર્જાઈ છે. યુરોપિયન દેશોમાં કટોકટીના કારણે અમેરિકી ડોલરમાં મૂડીરોકાણને વધુ સુરક્ષિત તરીકે લોકો જોઈ રહ્યા છે. મુખર્જીએ કહ્યુ હતુ કે આ ખૂબ જ ચિંતાનુ કારણ છે. અમારી સ્થિતિ પર નજર છે. કેન્દ્ર સરકાર મૌન રહેશે નહી. અમે સ્થિતિમાંથી બહાર નીકળવા પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે યુરો ઝોનમાં સ્થિતિ કટોકટી વાળી બનેલી છે. મુખર્જીએ કહ્યુ હતુ કે બ્રાઝિલ સહિત ઉભરી રહેલા બજારોમાં મૂડીનુ સંકટ પ્રવર્તી રહ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કારોબારમાં હાલ ડોલર સામે રૂપિયામા ઘટાડો થઈ રહ્યો છે. શુક્રવારના દિવસે શરૂઆતી કરોબારમાં રૂપિયામાં ૫૫ની સપાટી જોવા મળી હતી. ડીલરોનુ કહેવુ છે કે આયાતકારો અને ખાસ





કરીને ઓઈલ રિફાઈનરી તરફથી ડોલરની માંગ સતત જારી છે. જેના પરિણામ સ્વરૂપે રૂપિયામા ઘટાડો થઈ રહ્યો છે. અલબત્ત રિઝર્વ બેંકે દરમિયાનગીરી કરતા રૂપિયાની સ્થિતિમાં સુધારો થયો છે. પ્રણવ મુખર્જીએ તેમની વાત કરી ત્યારે જ આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેક સિંહ આહલુવાલિયાએ પણ પોતાની વાત કરી હતી. રૂપિયામા ઘટાડો અને ઉંચા ફુગાવાને કારણે વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન ૭.૫ ટકાના આર્થિક વિકાસદરને હાંસલ કરવાની બાબત મુશ્કેલ છે. આહલુવાલિયાએ કબૂલાત કરી હતી કે નાણામંત્રાલયને આ વર્ષે ૭.૩૫ ટકાના વિકાસદરની આશા છે. પરંતુ આ ખૂબ જ મુશ્કેલ છે. તેમણે ઉમેર્યુ હતુ કે છેલ્લા ત્રિમાસિક ગાળામાં સ્થિતિ એકદમ સાનુકૂળ રહી નથી. રૂપિયાના અવમૂલ્યન, ઉંચા ફુગાવા અને વર્તમાન નાણકીય અને ખાતાકીય ખાદ જેવા પરિબળોથી ભારે નુકસાન થઈ રહ્યુ છે. ભારત વૈશ્વિક કટોકટી પહેલાના ૮-૯ ટકાના વિકાસદરને હાંસલ કરવા પ્રયાસમાં છે. તેમણે કહ્યુ હતુ કે રૂપિયો માર્ચ બાદથી ડોલર સામે ૧૧ ટકા સુધી ઘટી ગયો છે જયારે એપ્રિલ મહિનામા ફુગાવો એક મહિલના અગાઉ ૬.૮૯ ટકાની સામે વધીને ૭.૨૩ ટકા થઈ ગયો છે. ૨૦૦૮માં વૈશ્વિક નાણાકીય કટોકટીના કારણે ભારતનો વિકાસદર ૬.૭ ટકા થઈ ગયો હતો. ૨૦૦૮-૦૯માં ભારતનો વિકાસદર ૬.૭ ટકા આના લીધે થયો હતો. અર્થતંત્રને પાટા ઉપર લાવવા ભારત કેટલાક કઠોર પગલા લેશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા આહલુવાલિયાએ કહ્યુ હતુ કે તેઓ ચોક્કસપણે આવી આશા રાખે છે પરંતુ અર્થતંત્રને વેગ આપવાની બાબત ખૂબ જરૂરી છે. તેમણે ભારત સરકારમાં પ્રવર્તી રહેલી દહેશતને ફગાવી દીધી હતી. આહલુવાલિયાની બાબતને પણ મહત્વપૂર્ણ ગણવામા આવે છે.

## ભારત-જાપાન વેપાર ૨૫ અબજ ડોલરે પહોંચી જશે

નવી દિલ્હી, તા.૨૦

ભારત અને જાપાન વચ્ચે વેપાર ૨૦૧૪ સુધી ૨૫ અબજ ડોલરની સપાટી સુધી પહોંચી શકે છે. અભ્યાસમાં જણાવવામા આવ્યુ છે કે વર્ષ ૨૦૧૧ના બંને દેશોએ વેપાર સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. જેના પરિણામ સ્વરૂપે બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો સતત સુધરી રહ્યા છે. ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન બંને દેશો વચ્ચે કારોબાર ૧૩ અબજ ડોલરની સપાટીએ હતુ. સીઆઈઆઈના અભ્યાસમાં જણાવવામા આવ્યુ છે કે બંને દેશો વચ્ચે વેપાર અતિ ઝડપથી વધતા નવી આશા જાગી છે. રોકાણકારો પણ બંને દેશોમા માટો પાયે રોકાણ કરી રહ્યા છે. બંને દેશોમાં વેપાર પર્યાવરણ ખૂબ જ સાનૂકુળ હોવાની બાબત જાણવા મળી રહી છે જેની સીધી અસર થઈ રહી છે. મૂડી, ઓટો પાર્ટ, આર્યન, સ્ટીલ અને કેમીકલ સહિતના ક્ષેત્રોમા બંને દેશો વચ્ચે આર્થિક સહકાર દિન પ્રતિ દિન વધુ મજબૂત બનતા સ્થિતિમાં સુધારો થયો છે. બંને દેશો વચ્ચે વેપારને પ્રોત્સાહન આપવાના હેતુસર ઘણી ચીજ વસ્તુઓ પર ટેરીફ નાબુદ કરવાના હેતુથી સીઈપીએ સમજૂતી થઈ હતી. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોના ૬૦ વર્ષ પરિપૂર્ણ થવાના પ્રસંગે ૨૩મી મે દિવસે ટોક્યોમાં વેપાર શિખર બેઠક યોજાનારા છે. જેમાં બંને દેશોના કારોબારીઓ હાજર રહેશે. સીઆઈઆઈના પ્રમુખ અદિગોદરેજ આ સંબંધમાં જાપાનમાં જતાં ૧૯ સભ્યોના સીઈઓના પ્રતિનિધી મંડળનુ નેતૃત્વ કરશે. આ સમીટનુ આયોજન શહેરી વિકાસ પ્રધાન કમલનાથ દ્વારા કરવામા આવશે. જાપાનના વિદેશ પ્રધાન પણ આ બેઠકને સંબોધન કરશે. કેટલીક નવી બાબાતો પણ સપાટી ઉપર આવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

# આજે યૂપીએ સરકારના બીજી અવધીમાં સત્તામાં ત્રણ વર્ષ પૂર્ણ

નવી દિલ્હી, તા.૨૦

શ્રેણીબદ્ધ ભ્રષ્ટાચારોનો સામનો કરી રહેલી યૂપીએ સરકાર આવતી કાલે સોમવારે તેની બીજી અવધીમાં સત્તામાં ત્રણ વર્ષ પરિપૂર્ણ કરી લેશે. કેટલાક ચાવીરૂપ આર્થિક આશાઓ ઉપર આ ગાળા દરમિયાન નિર્ણય લેવામા આવ્યો છે. અનિશ્ચિતતાના દોર વચ્ચે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો પણ લેવામા આવ્યા છે. રીટેલમાં એફડીઆઈ જેવા મુદ્દાઓ પર કોઈ નિર્ણય થઈ શક્યો નથી. સામાન્ય ચૂટણી આડે બે વર્ષનો ગાળો રહ્યો છે ત્યારે યૂપીએ સરકાર સામે હજુ પણ ઘણા પડકાર રહેલા છે. યૂપીએ સરકાર તેની બીજી અવધીમાં સત્તામા આવતી કાલે ત્રણ વર્ષ પરિપૂર્ણ કરશે. કટોકટીથી કટોકટી તથા અન્ય શ્રેણીબદ્ધ પરિબળો સરકારને મૂશ્કેલીમાં મુકી રહ્યા છે. છેલ્લા એક વર્ષના ગાળામા સરકારે તેની પ્રથમ અવધિ કરતા બિલકુલ અલગ ચિત્ર રજૂ કર્યુ છે. ડાબેરી પક્ષો પહેલી અવધિમા હેરાન કરી રહ્યા હતા. ફુગાવાના મોરચે સરકાર ચોક્કસ પણે નિષ્ફળ સાબિત થઈ રહી છે. એપ્રિલ મહિનામાં ફુગાવો બે આંકડામા પહોંચી ગયો છે. એકંદરે આર્થિક સ્થિતિ નબળી પડી છે કારણ કે મેન્યુફેકચરીંગમા મંદી જોવા મળી રહી છે. ટેક્ષ વસૂલાત ને લઈને પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. યૂપીએ સરકાર પ્રથમ અવધિવેળા ભારત અમેરિકા વચ્ચેની પરમાણુ



સમજૂતીના કરાણે મુશ્કેલીમાં રહી હતી. પરંતુ હવે આ ગાળામા કૌભાંડોના કારણે મુશ્કેલીમાં રહી છે જેમા ટુજી કૌભાંડ, કોમવવેલ્થ ગેમ્સ કાંડ, આદર્શ હાઉસિંગ સોસાયટી કાંડના કારણે પણ તેને પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. રીટેલમા એફડીઆઈ મામલે સરકાર નિર્ણય લઈ શકી નથી. નેશનલ કાઉન્ટર ટેરેરિઝમ સેન્ટરની રચના કરવામા પણ નિષ્ફળતા મળી છે. રાષ્ટ્રપતિની ચુંટણી જુલાઈ મહિનામા યોજાનાર છે જેથી ઉમેદવાર અંગે નિર્ણય લઈ શકાયો નથી. રાષ્ટ્રપતિના ઉમેદવાર મામલે ખેંચતાણનો દોર જારી રહ્યો છે. કોંગ્રેસના નેત-ત્મવાં યૂપીએ પોતાના ઉમેદવારની પસંદગી કરવાની સ્થિતિમાં નથી. કારણ કે આંકડા ઓછા પડી રહ્યા છે આવી સ્થિતમાં સર્વસમંત ઉમેદવારની પસંદગી કરવાની કવાયત ચાલી રહી છે. એનડીએ પાસે પણ પૂરતા આંકડા નથી. જેથી સમસ્યા અકબંધ બનેલી છે. યૂપીએ સરકાર બીજી અવધિમાં કેટલાક સારા પાસાઓ સાથે આગળ વધી છે. પરંતુ ભાવ વધારાના મોરચે યૂપીએ સરકાર મુશ્કેલીનો સામનો કરી રહી છે.

## જયાએ વધુ એક નદીનો મામલો ઉઠાવતા દુવિધા

ચેન્નાઈ, તા.૨૦


અન્ય એક નદીના મુદ્દે કર્ણાટકની જોરદાર ઝાટકણી કાઢતા તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ આજે પેનીયાર નદી ઉપર ચેક ડેમ બનાવવાની યોજનાનો કર્ણાટક ઉપર આક્ષેપ કર્યો છે સાથે સાથે આ મામલામાં વડાપ્રધાન મનમોહનસિંહની દરમિયાનગીરીની માંગણી કરી છે. ચેકડેમની યોજના સાથે આગળ ન વધવા કર્ણાટકને સલાહ આપવા વડાપ્રધાનને જયલલિતાએ અપીલ કરી છે. જયલલિતાએ પત્ર લખીનો વડાપ્રધાનને પોતાની નારાજગી દર્શાવી દીધી છે. કાવેરી જળ વહેંચણી મુદ્દાને ઉઠાવ્યાના એક દિવસ બાદ જયલલિતાએ આજે વધુ એક પત્ર વડાપ્રધાન મનમોહનસિંહને લખીને ચેકડેમનો મુદ્દો ઉઠાવ્યો છે તેમણે કહ્યુ છે કે કર્ણાટક ચેક ડેમ બનાવવાની યોજના ધરવા છે આના કારણે તમિળનાડુને ભારે નુકસાન થશે. જયાએ એમ પણ કહ્યુ છે કે આ નદી ક્રિષ્નાગીરી, ધર્મપુરીમાથી પસાર થઈને વહે છે. વિલ્લુપુરમ અને કુડ્ડાલોરને આને લીધે ખુબ મોટો ફાયદો મળે છે. આ જિલ્લામા લોકોને આની લાઈફલાઈન સમાન આને ગણવામા આવે છે. અહીં આશરે ચાર લાખ એકડ વિસ્તારમા સિંચાઈ થાય છે. ચેકડેમનુ નિર્માણ કરીને પાણીના પ્રવાહને રોકીને ઘણુ નુકસાન કરાશે. તમિળનાડુના ખેડૂતોને આના લીધે મોટો ફટકો પડશે. પીવાના પાણીની મૂળભૂત સમસ્યાને પણ અસર થશે. જયલલિતાએ આક્ષેપ કર્યો છે કે કર્ણાટક સરકારે તમિળનાડુની મંજૂરી લીધી નથી. આ ઉપરાંત રાજ્ય દ્વારા હાથ ધરવામા આવેલી યોજનાની વિગત અંગે માહિતી આપી નથી. તેની મંજૂરી વગર કોઈપણ નિર્માણ કામ આગળ ન વધારવા જય લલિતાએ કર્ણાટક સરકારને કહ્યુ છે. વડાપ્રધાનને દરમિયાનગીરી કરવા માટે પણ કહેવા આવ્યુ છે.

# રાષ્ટ્રપતિ તરીકે સંગમા માટે સમર્થન મેળવવા જયા સક્રિય

નવી દિલ્હી, તા.૨૦

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ પીએસ સાંગવાની ઉમેદવારી માટે ઝુંબેશને વધુ તીવ્ર બનાવીને તમિળનાડુના મુખ્યમંત્રી અને અન્નાદ્રમુખના વડા જયલલિતા આજે કેટલાક બિન કોંગ્રેસી પક્ષોના ટોચના નેતાઓને મળ્યા હતા. જેમા ભાજપના વરિષ્ઠ નેતા એલ કે આડવાણીનો સમાવેશે થાય છે. આદિવાસી નેતાની તરફેણમાં ટેકો મેળવવા જયલલિતા છેલ્લા ઘણા દિવસથી સતત સક્રિય થયેલા છે. મળેલી માહિતી મુજબ જયલલિતાએ ફોન પર આડવાણી, સીપીઆઈએમના જનરલ સેક્રેટરી પ્રકાશ કારક, સીપીઆઈના નેતા ઈડી વર્ધન, ટીડીપીના વડા એન ચંદ્રબાબુ નાયડુ, સમાજવાદી પાર્ટીના વડા મુલાયમ સિંહ, શિરોમણી અકાળીદળના નેતા અને પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ સાથે વાત કરી હતી. અન્ના દ્રમુખ દ્વારા જારી કરવામા આવેલી યાદીમાં જણાવવામા આવ્યુ છે કે સંગમા માટે ટેકો મેળવવાના પ્રયાસો વધુ તીવ્ર બનાવવાના પ્રયાસ રૂપે જયલલિતા આ નેતાઓ સાથે વાત કરી હતી. ઉત્તર પૂર્વના આ આદિવાસી નેતાને રાષ્ટ્રપતિ બનાવવા જયલલિતા સૌથી સક્રિય દેખાઈ રહ્યા છે. જયલલિતા છેલ્લા બે દિવસથી સતત પ્રયાસમાં છે. તમામ રાજકીય પક્ષોને રાજકીય વિચારધારાથી ઉપરઉઠીને સંગમાને ટેકો આપવા અપીલ કરી રહ્યા છે. ટોચના હોદ્દા માટે આદિવાસી નેતાને ટેકો આપવા તેમની રજૂઆત અસરકાર સાબિત થઈ રહી છે. જયલલિતાની સાથે સાથે ઓરિસ્સાના મુખ્યમંત્રી નવિન પટનાયક પણ ૧૭મી મેના દિવસે જાહેરાત કરી ચુક્યા છે કે સાંગમાને તેમની પાર્ટી ટેકો આપશે. જયલલિતા પટનાયક સાથે વાતચીત પણ કરી ચુક્યા છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સાંગમાના સંબંધમાં તેમની પાર્ટીમાં જ ગુંચવણ દેખાઈ રહી છે. તેમની ઉમેદવારીને નેશનલીસ્ટ કોંગ્રેસ પાર્ટીએ ટેકો આપ્યો નથી. એનસીપી યૂપીએના ભાગરૂપે છે. જેથી યૂપીએ જે નિર્ણય લેશે તે માન્ય હશે તેવુ નિવેદન એનસીપીના નેતાઓ કરી રહ્યા છે. જો કે જયલલિતા તેમના વલણ સાથે આગળ વધી રહ્યા છે.





# આમિર ખાનના એપિસોડમાં હવે દહેજનો મુદ્દો ઉઠાવાયો

નવી દિલ્હી, તા.૨૦

બોલિવુડ સ્ટાર આમિરખાને સત્યમેવ જયતેના નવા એપિસોડમાં આજે સમાજ માટે દુષણ સમાન દહેજનો મુદ્દો ઉઠાવ્યો હતો. કન્યા ભ્રૂણ હત્યા, બાળકો સાથે જાતીય શોષણ અને હવે આમિરખાને ત્રીજા એપિસોડમાં દહેજનો મુદ્દો ઉઠાવ્યો હતો. આમિર ખાનનો શો ખતમ થાય તે પહેલા જ હમેંશની જેમ જ સોશિયલ સાઈટ ઉપર આમિર ખાન છવાઈ ગયો હતો. ટ્વીટર ઉપર પણ આમિર ખાન છવાઈ ગયો હતો. ફેસબુક ઉપર પણ આમિર ખાનની જ ચર્ચા છેડાઈ ગઈ હતી.આમિર ખાને પોતાના શો દરમિયાન આંકડા પણ રજૂ કર્યા હ તા. આમિર ખાને સરકારના આંકડાને રજૂ કરીને દહેજના મુદ્દાને ખુબ જ સફળતા પૂર્વક ઉઠાવ્યો હતો. પોતાના વિશેષ અંદાજમાં શોમાં હચમચાવી મુકે તેવી પટકથા દર્શાવામા આવી હતી. જેમાં દિલ્હીના એક અમીર પરિવારની યુવતી કોમલ શેઠના મામલાને પણ ઉઠાવવામા આવ્યો હતો. કોમલના પિતા તેના લગ્નમાં ૪૦ લાખનો ખર્ચ કર્યો હતો છતાં તેના સાસરિયા પક્ષને તકલીફ રહી હતી. આમિરે દેશ ભરના એવા વિસ્તારનો ઉલ્લેખ કર્યો હતો જ્યાં દહેજના કારણે સામાજીક અને આર્થિક અસર થઈ રહી છે. આમિર ખાને પંજાબમાં એનઆરઆઈ લગ્નની સમસ્યાઓને લઈને એના ગામોનો પણ ઉલ્લેખ કર્યો હતો જ્યા દહેજ લેવાની પરંપરા નથી અને લગ્ન કોઈપણ ખર્ચ વગર થાય છે. આમિરે એવી યુવતીઓ અને મહિલાઓને દર્શાવી હતી જે દહેજની સમસ્યા સામે જંગ છેડી ચુકી છે. આમિરે બિહારના પકડવા લગ્નનો પણ એક મામલો રજૂ કર્યો હતો જે ખૂબ જ જોખમી હતો. ટ્વીટર, ફેસબુક ઉપર આમિર ખાને આ શો બાદ પ્રશંસા મળી હતી. કેટલાક લોકએ કહ્યુ હતુ કે આમિર ખાને દહેજનો જોરદાર મુદ્દો ઉઠાવ્યો હતો જે સમાજ માટે દુષણ સમાન છે. આમિર ખાનના ત્રણે એપિસોડમાં હજુ સુધી સમાજમા સળગતા મુદ્દાઓને રજૂ કરવામા આવ્યા છે.



# ૭ ટોચની કંપનીઓની માર્કેટ મૂડી ૨૭૬૪૯ કરોડ ઘટી

## કોલ ઈન્ડિયાની માર્કેટ મૂડીમાં ૭૧૩૮ કરોડનો ઘટાડો થતા મૂડી ૧૯૧૪૮૦ કરોડ થઈ

મુંબઈ, તા.૨૦

શેરબજારમાં મંદીના માહોલમાં સેંસેક્સની ટોચની દસ કંપનીઓ પૈકીની સાત કંપનીઓએ તેમની સંયુક્ત માર્કેટ મૂડી ૨૭૬૪૯ કરોડ રૂપિયા ગુમાવી દીધી છે. સાત કંપનીઓની માર્કેટ મૂડી ૨૭૬૪૯ કરોડ રૂપિયા ઘટતા આ તમામ કંપનીઓને નાણાકીય રીતે ભારે નુકસાન થયુ છે. કોલ ઈન્ડિયાને સૌથી વધુ ૭૧૩૮ કરોડ રૂપિયાનુ નુકસાન. છેલ્લા સપ્તાહ દરમિયાન થયુ છે. સરકારી કોલ ઈન્ડિયા લિમિટેડની માર્કેટ મૂડી ૭૧૩૮ કરોડ રૂપિયા ઘટી છેલ્લા સપ્તાહમા ૧૯૧૪૮૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. સીઆઈએલના શેરમાં શુક્રવારના દિવસે ૧૧.૭ ટકાનો ઘટાડો થયો હતો. ૩૧મી માર્ચ ૨૦૧૨ના દિવેસ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામા તેના નેટ નફામાં ભારે નુકસાન થયુ હતુ. આવી જ રીતે અન્ય એક સરકારી કંપની ઓએનજીસીની માર્કેટ મૂડીમાં પણ મોટો ઘટાડો થયો છે. તેની માર્કેટ મૂડીમાં છેલ્લા સપ્તાહ દરમિયાન ૫૦૪૮ કરોડનુ નુકસાન થયુ છે આની સાથે તેની માર્કેટ મૂડી ઘટીને ૧૧૨૮૧૭ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ટીસીએસના માર્કેટ મૂલ્યમાં ૩૯૨૪ કરોડનુ નુકસાન થયુ છે આની સાથે તેની માર્કેટ મૂડી ઘટીને ૨૩૭૧૦૭ કરોડ થઈ ગઈ છે. જ્યારે ભારતી એરટેલની માર્કેટ મૂડીમાં ૩૭૨૨ કરોડનુ નુકસાન થયુ છે જેથી તેની માર્કેટ મૂડી ઘટીને ૧૧૨૯૦૦ કરોડ થઈ ગઈ છે. આરઆઈએલની માર્કેટ કેપમાં પણ ૨૮૩૩ કરોડનુ નુકસાન થયુ છે જેથી તેની માર્કેટ કેપ પણ ઉલ્લેખનીય રીતે ઘટી છે. અન્ય જે કંપનીઓની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે તેમાં એનટીપીસી, એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. જો કે આઈટીસી, ઈન્ફોસિસ અને એસબીઆઈની માર્કેટ મૂડી વધી છે. એસબીઆઈની માર્કેટ મૂડીમાં ૬૦૨૬ કરોડનો વધારો થયો છે. માર્ચ ૨૦૧૨માં પૂરા થતા ચોથા ત્રિમાસિક ગાળામા એસબીઆઈનો નેટ નફો ૪૦૫૦.૨૭ કરોડનો નેટ નફો થયો છે. અપેક્ષા કરતા વધુ સારા નાણાકીય પરિણામોના પરિણામ સ્વરૂપે ઘણી કંપનીઓની માર્કેટ મૂડી વધી છે. ઈન્ફોસિસની માર્કેટ મૂડીમાં ૪૨૨૩ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મૂડી વધીને ૧૩૬૭૬ કરોડ રૂપિયા થઈ છે. જ્યારે આઈટીસીની માર્કેટ મૂડમાં ૪૨૨૨ કરોડનો વધારો થયો છે જેથી તેની મૂડી ૧૮૭૦૧૬ કરોડ થઈ છે. ટોચની દસ કંપનીઓની યાદીમાં કેટલીક કંપનીઓની સ્થિતિ મજબૂત બની છે જ્યારે કેટલીક કંપનીઓની સ્થિતિ નબળી પડી છે. શેરબજારમાં જારી અફડાતફડીના કારણે કંપનીઓ ઉપર તેની ખૂબ જ માઠી અસર થઈ છે. આ ઉથલપાથલ જારી રહેવાની શક્યતા છે.

## આસામમાં છેલ્લા બે વર્ષમાં ૩૦૦ યુવાનો ગુમ

ગુવાહાટી,તા. ૨૦

આસામમાં છેલ્લા બે વર્ષના ગાળામાં જ ૩૦૦ યુવાનો લાપતા થઈ ગયા છે. આ લાપતા થયેલા યુવાનો માઓવાદી સંગઠનમાં સામેલ થઈ ગયા હોવાની શંકા પ્રવર્તી રહી છે. આ ચોંકાવનારી વિગત સપાટીએ આવતા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ હમચમચી ઉઠી છે. કારણ કે માઓવાદી પહેલા જ તેમની તાકાતને વધારવા મોટા પાયે યુવાનોને પોતાની તરફેણમાં કરવાના પ્રયાસો કરી રહ્યા છે. મળેલી માહિતી મુજબ લાપતા થયેલા યુવાનો પૈકી મોટા ભાગના આદિવાસી છે. દેશના આસામ, છત્તિસગઢ અને ઝારખંડ સહિત અનેક રાજ્યોમાં માએવાદી તેમની જાળ બિછાવી ચુક્યા છે. હવે આ યુવાનોને તાલીમ આપી તેમનો પણ હિંસા ફેલાવવા માટે ઉપયોગ કરવામાં આવી શકે છે. તમામ જિલ્લાઓમાં માઓવાદી દ્વારા કરવામાં આવેલી ભરતી અંગે માહિતી મેળવવા માટે આસામ પોલીસે હાલમાં ગુપ્ત રીતે સર્વે કરવા ચોંકાવનારી વિગત સપાટીએ આવી હતી. પોલીસને શંકા છે કે લાપતા યુવાનો માઓવાદીઓમાં સામેલ થઈ ગયા છે. હાલમાં રાજયમાં માઓવાદીઓની ગતિવિધી અંગે માહિતી મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.મળેલી માહિતી મુજબ આસામમાં સેકડો લિસ્ટેટ માઓવાદી કેડર છે. બળવાખોરો પણ વારંવાર ભરતી ઝુબેશ ગુપ્ત રીતે હાથ ધરે છે. છેલ્લા બે વર્ષમાં આશરે ૩૦૦ યુવાનો ઘર છોડીને જતા રહ્યા છે. મોટા ભાગના યુવાનો નોકરી મેળવવાની ઈચ્છાથી ઘરમાં નિકળી ગયા છે. ઘરમાંથી જતા રહ્યા બાદ તેમના પરિવારનો સંપર્ક આ લોકો દ્વારા ક્યારેય કરવામાં આવ્યો નથી. તેમની કોઈ ભાળ પણ મળી નથી. જેથી પોલીસને એવી શંકા છે કે આ યુવાનો અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે અને માઓવાદીઓ સાથે જોડાઈ ગયા છે. પોલીસે વિગત આપતા કહ્યું છે કે મોટી સંખ્યામાં કોકરાઝાર, બક્સા, ઉદલગીરી જિલ્લામાંથી યુવાનો લાપતા થયા છે. અરૂણાચલ પ્રદેશની સરહદે આવેલા જિલ્લામાંથી પણ યુવાનો લાપતા થયા હોવાનું જાણવા મળ્યું છે. અન્ય રાજ્યોની જેમ પણ આસામમાં બળવાખોરો આદિવાસી સમુદાયમાંથી યુવાનોની ભરતી વધારે કરે છે.

## ઉત્તર પૂર્વીય ભારતમાં આજે સૂર્યગ્રહણનો નજારો દેખાશે

નવી દિલ્હી, તા.૨૦

દેશના ઉત્તર પૂર્વીય ભાગોમાં આવતીકાલે સૂર્યગ્રહણનો નજારો જોવા મળશે. ભારતના પૂર્વીય રાજ્યો અને પૂર્વીય દેશોમાં સૂર્યગ્રહણના પ્રભાવને લઈને જુદી જુદી અટકળો ચાલી રહી છે. માહિતીગાર સૂત્રોએ કહ્યુ છે કે ભારતીય સમય મુજબ પૂર્વીય ભારતમાં આ નજારો જોવા મળશે. સૂર્યગ્રહણ પૂર્વીય રાજ્યોના અગરતલા, ઈમ્ફાલ, કોહીમા, ગંગટોક, ગુવાહાટી, દાર્જલિંગ, સિલોંગ, સિલીગુડી જેવા શહેરોમા જોવા મળશે. ગ્રહણને લઈને ભારે ચર્ચા વૈજ્ઞાનિકોમાં ચાલી રહી છે. આ વર્ષમાં પ્રથમ વખત સૂર્યગ્રહણનો નજાર રહેશે. ચીન, સમગ્ર રશિયા, દક્ષિણ પૂર્વ એશિયા, ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, હવાઈ, ઉત્તર અમેરિકામા પણ સૂર્યગ્રહણ જોવા મળશે. સૂર્યગ્રહણને લઈને વૈજ્ઞાનિકોએ પ્રાથમિક પ્રતિક્રિયા આપી દીધી છે. સૂર્યોદય થયા બાદ ટુંકા ગાળા માટે ઉત્તર પૂર્વીય રાજ્યોથી આંશિક ગ્રહણ જોઈ શકાશે. મોટાભાગના ઉત્તર પૂર્વીય રાજ્યોમાં સૂર્યોદયનો સમય ૪.૪૧ રહેશે. દેશમાંથી ગ્રહણ ૪.૫૨ વાગે જોઈ શકાશે નહીં. કેટલીક જગ્યાએ નજારો જોઈ શકાશે. નિવૃત પ્રોફેસર આરસી કપૂરે માહિતી આપતા કહ્યુ છે કે દાર્જલિંગ, સિક્કિમ, કુચ બિહાર, અગરતલામા કેટલાક ભાગોમા સૂર્યગ્રહણને જોઈ શકાશે. ગ્રહણની શરૂઆત વહેલી પરોઢે ૨.૨૬ વાગે થશે જ્યારે આની પૂર્ણાહુતી ૮.૧૯ વાગે થશે.

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

પિતાજીના શબ્દો સાંભળતા સંધ્યાના હૃદયની ધડકન વધી ગઈ તે ચૂપચાપ પિતાજી સામે જોઈ રહી એટલે તેના પિતાજીએ કહ્યું, ''મકાન માલીકનું કહેવું છે તે તમે જૂના ભાડુઆત છો એટલે તમને આ મકાન પાંચ લાખમાં વેચવાનું છે અને બાકીના માટે આઠ લાખ રૂપિયા કિંમત મૂકી છે.''

પાંચ લાખનો આંકડો સાંભળતા સંધ્યાના હૃદયે ધ્રાસકો લાગ્યો. આથી ત્રણેય જણને આઘાત લાગતા ચૂપચાપ એક બીજા સામે જોઈ રહ્યા.

એજ સમયે દેવાએ ઘરમાં પ્રવેશ કર્યો. સૌને સુનમૂન જોતા દેવાને નવાઈ લાગી આવી તેણે સંધ્યાને પૂછ્યું, ''સંધ્યા આમ સુમસામ કેમ બેઠા છો?''

સંધ્યા આંસુ લુછતાં બોલી, ''આવ દેવા''

''સંધ્યા તું પહેલા મને એ કહે કે તમે બધા ઉદાસ થઈને કેમ બેઠા છો?''

''ના... ના... દેવા એવું કાંઈ જ નથી'' સંધ્યાએ કહ્યું.

''સંધ્યા ઘરમાં દાખલ થતાં હું તમારા મન કળી ગયો છું, તું સાચું બોલ તમારા બધાના મોઢા કેમ પડી ગયા છે.''

પાણીનો ગ્લાસ આપતા સંધ્યાએ કહ્યું ''દેવા, એક ઉપાધિ પુરી થઈ નથી ત્યાં બીજી આફત આવીને ઉભી રહી!''

''ભાડાની જ ચિંતા છે ને?''

''ના ભાડાની નહિ, પણ મકાનની''

''પણ, આપણે પાંચ માસનું ભાડું તો આપી દીધું પછી શું?''

''દેવાભાઈ, મકાનનું ભાડુ તો આપી દીધું, પરંતુ મકાન માલિકે પંદર વીસ દિવસમાં મકાન ખાલી કરી દેવાની મહેતલ આપી છે.'' સંધ્યાના બાપુએ કહ્યું.

''કેમ?''

શેઠે કહ્યું કે મકાન વેચી દેવાનું છે એટલે તમે મકાન ખાલી કરી દેજો અથવા જો તમારે ખરીદવું હોય તો તમને પાંચ લાખ રૂપિયામાં આપીશ અને બીજા માટે આઠ લાખ રૂપિયાની કિંમત મૂકી છે.

ઘરના બધા દેવા સાથે મકાન વિશેની ચર્ચા કરતા હતા. ત્યાં મકાન માલિક બે-ત્રણ ઘરાકને લઈને મકાનમાં દાખલ થતાં સંધ્યાના માતા-પિતાની હૃદયની ધડકન વધી ગઈ. ઘરાકને મકાન બતાવતા મકાન માલિક બોલ્યા, '' આ મકાન વેચવાનું છે! જેની કિંમત આઠ લાખ રૂપિયા મૂકી છે.''

મકાન માલિકના શબ્દો સાંભળતા સંધ્યા અને તેના મા-બાપ નીચેથી ધરતી સરકતી હોય તેવું લાગ્યું તેમને બધુ ગોળ ગોળ ફરતું દેખાવા લાગ્યું.

સંધ્યાના મા-બાપની સ્થિતી જોતા જેવા ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો! (ક્રમશઃ)